અપીલ અરજી નં.૨૪ તા.૨૦–૪–૦૯/૧૦

અરજદારઃ શ્રી અજય રામદાસ જાધવ
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)

## *ફરીયાદની હકીકતઃ–*

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અજય રામદાસ જાધવની તા.૨૪–૨–૦૯ થી અરજી જે સે.ઝોન/આરટીઆઈ/જાવક/ નં.૧૪૭૩ તા.૨૬–૨–૦૯ થી વરાછાઝોનને તબદીલ કરેલ. આઈ ડી. નં.૧૦૯૯ તા.૨–૩–૦૯ ની અરજીથી મોજે કપોદ્રા રે.સ.નં.૨૭ તથા ૨૮, ટી.પી.સ્કીમ નં.૧૬,ફા.પ્લોટ નં.૨૮ ના બીન અધિકૃત બાંધકામ બાબત તમામ જવાબદાર અધિકારીના હોદ્દા, નામ જણાવવા વિ. મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૦–૪–'૦૯ ની અપીલ અરજી નં.૨૪ /૨૦૦૯–૧૦

શ્રી અજય રામદાસ જાધવની તા.૨૪–૨–૦૯ થી અરજી જે સે.ઝોન/આરટીઆઈ/જાવક/ નં.૧૪૭૩ તા.૨૬–૨–૦૯ થી વરાછાઝોનને તબદીલ કરેલ આઈ ડી. નં.૧૦૯૯ તા.૨–૩–૦૯ ની અરજીથી મોજે કપોદ્રા રે.સ.નં.૨૭ તથા ૨૮, ટી.પી.સ્કીમ નં.૧૬,ફા.પ્લોટ નં.૨૮ ના બીન અધિકૃત બાંધકામ બાબત તમામ જવાબદાર અધિકારીના હોદ્દા, નામ જણાવવા વિ. મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવા બાબતે ઝોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૦૯૯ તા.૨૬–૩–૦૯ થી આપેલ માહિતી પૈકી મુદ્દા નં.૧,૩ તથા ૪ ના જવાબ યોગ્ય નહીં આપ્યા હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૧ તા.૨૮–૪–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન) તથા અરજદારને અરજી ફોર્મની અપૂરતી વિગતો , અરજીની નકલ તથા અરજી ફી પહોંચ અને મુદ્દા નં.૧,૩ અને ૪ ના જવાબ યોગ્ય નહીં હોવાના દાવાના સમર્થનમાં આધાર અને વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૦૯૯ તા.૪–૫–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ તબકકે દાવાના સમર્થનમાં આધાર અને વાજબીપણું રજૂ કરવા તક આપવા છતાં કોઈ વિગતો રજૂ કરવામાં આવેલ નથી.

અરજદારની તા.૨૪–૨–૦૯ ની અરજી જે સે.ઝોન/આરટીઆઈ/જાવક/ નં.૧૪૭૩ તા.૨૬–૨–૦૯ થી વરાછાઝોનને તબદીલ કરેલ આઈ ડી. નં.૧૦૯૯ તા.૨–૩–૦૯ ની અરજીથી મોજે કપોદ્રા રે.સ.નં.૨૭ તથા ૨૮, ટી.પી.સ્કીમ નં.૧૬,ફા.પ્લોટ નં.૨૮ ના બીન અધિકૃત બાંધકામ બાબત તમામ જવાબદાર અધિકારીના હોદ્દા, નામ જણાવવા વિ. મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન કક્ષાએથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૦૯૯ તા.૨૬–૩–૦૯ થી અરજદારની મૂળ અરજીના મુદ્દા નં.૪ અને ૬ થી ૮ ના અનુક્રમે મુદ્દા નં.૧ થી ૪ આપી જવાબ આપેલ છે. જેમાં અરજદારે મુદ્દા ન.૧ અને ૩,૪ અંગે આપેલ યોગ્ય જવાબ નથી તેમ જણાવી અપીલ કરેલ છે. મુદ્દા નં.૧ માં અરજદારે બિન અધિકૃત બાંધકામ બાબતે જવાબદારી અધિકારીઓના હોદ્દા અને નામની માંગણી કરેલ. જે અંગે માહિતી અધિકારી ચોકકસ સમયગાળો જણાવ્યેથી સબંધિત કર્મચારીના નામ ઉપલબ્ધ કરવામાં કે આપવામાં આવશે તેવું જણાવેલ. જેની સામે અરજદારે અપીલમાં તા.૧૭–૨–૦૯ ના રોજ આઈ ડી. નં.૧૦૯૯ મુદ્દા નં.૯ માં બાંધકામ તોડવા અંગે નોટીસ બજાવવાની માહિતી માંગેલ માહિતીમાં નોટીસ અને મનાઈ હુકમની વિગતો અંગે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ધ્વારા આપેલ માહિતી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૦૭૯ તા.૬–૩–૦૯ ની નકલ રજૂ કરેલ છે. પરંતુ અરજદારે રે.સ. નં.૨૭૨૮ ટીપી સ્કીમ નં.૧૬ અને ફા.પ્લોટ નં.૨૮ ના બાંધકામનો સમયગાળો જણાવેલ નથી. જયારે મુદ્દા નં.૨ મ્યુ. વેરા મેળાપીપણામાં ડાયરેકટ નામ બદલે તો અધિકારી સામે મુંબઈ અધિનિયમ કયા પગલા લેવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ મહાનગરપાલિકાની વેબસાઈટ નંબર આપી માહિતી મેળવવા જણાવેલ છે. પરંતુ તેવા કિસ્સામાં બીપીએમસી એકટની કર્મચારીઓની સામેની પગલા અંગેની જોગવાઈ જણાવેલ નથી. જયારે મુદ્દા નં.૪ અંગે અરજદારે બિન અધિકૃત બાંધકામ બાબતે હાલ ઈસ્ટઝોનના અધિકારી સામે કાર્યવાહી કરાશે છે કે કેમ અને તેની જવાબદારી ખરી કે કેમ?જે અંગે આરટીઆઈ એકટ હેઠળ તપાસ કરવા કે પગલા લેવા બાબતની કાર્યવાહીનો સમાવિષ્ટ થતો ન હોય માહિતી અધિકાર હેઠળ માહિતી આપવાની રહેતી નથી તેવું જણાવેલ છે.

## *હુકમ*

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આપેલ જવાબના મુદ્દા નં.૧ અંગે રે.સ. નં.૨૭ તથા ૨૮ટીપી નં.૧૬ ફા.પ્લોટ નં.૨૮ અંગે થયેલ અનધિકૃત બાંધકામ અંગેનો જાહેર માહિતી અધિકારીએ અગાઉ આપેલ માહિતી ધ્યાને લેતાં મુદ્દા નં.૧ અંગે માંગેલ માહિતી તથા મુદ્દા નં.૩ અંગે બીપીએસી એકટની જોગવાઈઓ અંગેની નહીં પૂરી પાડેલ માહિતી તથા મુદ્દા નં.૪ અંગે આ બાબતે પગલાં લેવા વિષયક કોઈ કાર્યવાહી ચાલુ હોય તો તે મુજબ હકીકતલક્ષી માહિતી અને ન હોય તો તે અનુસારની વાસ્તવલક્ષી વિગતો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ દિન–૭ માં વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૦૯

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, વરાછાઝોન ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી અજય રામદાસ જાધવ, ૧૨ પશુપતિનાથ સોસા., નાના વરાછા, સુરત ....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.